**અમદાવાદના એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં. ૧૨) ની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

## આંક–૦૧(ચાર્જશીટ લગત હુકમ)

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપી બનાવની તારીખે, સમયે તથા સ્થળ ઉપર ગેરકાયદેસર રીતે કેફી પદાર્થના જથ્થા સાથે મળી આવી પ્રોહીબીશન એકટનો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ હોઈ આ અદાલતમાં ચાર્જશીટ રજુ થયેલ છે, જેના આધારે આરોપી સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જે સબંધે તેઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરેલ છે. આરોપીનો પ્રથમ ગુનો હોય અને તેઓ બાળ બચ્ચા વાળા માણસ હોઈ તેઓની આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે તેમજ તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટનો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749** વાળો ચુકાદો લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા અથવા દંડ કરવા અરજ કરેલ છે, જે ચુકાદો વંચાણે લેતા તેમાં ઠરાવેલ છે કે,

> BOMBAY PROHIBITION ACT, 1949 - S. 66(1)(b), 85(1) - CODE OF CRIMINAL PROCEDURE, 1973 - S. 240, 241, 251, 228(2), 240(2), 252, 253, 235(2), Criminal Offence - plea of guilty - prayer for mercy by prescribing specimen proforma for pleading guilty and for mercy in sentence - quantum of sentence - provisions for awarding minimum sentence - discretionary powers of court in this regard - the core issue as to whether Trial Court on being satisfied or in presence of special and adequate reasons peculiar to the accused, to be mentioned in writing, in the judgment of the court, in finding accused guilty, "for a first offence" either by evidence or "by raising the plea of guilty" is competent to impose for such "first offence"

જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસ હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા તાજેતરમાં અલ્પ માત્રાના જથ્થા સબંધે જે સુધારા ગુજરાત સરકાર તરફથી કરવામાં આવેલ છે, તેની સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતોમાં થઈ રહેલ છે તે હકીકત લક્ષમાં રાખતા તેમજ સાથોસાથ આરોપીએ અદાલત રુબરુ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહિં કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ વધુ આકરો દંડ કે જેલની સજા કરવામાં આવે તો આરોપી ઉપર તેના કુટુંબના ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમાં જાય તો તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા સંજોગો ઉભા થાય તેમ હોઈ, આરોપીને જેલની સજા કરવાનું ઉચિત જણાતુ નથી. સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામાં આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી. વધુમાં આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ ત્રણ વર્ષ સુધીની જેલની સજા અને દંડની છે, જેમાં ઓછામાં ઓછી કોઈ સજાની જોગવાઈ કરવામાં આવેલ નથી. જેથી ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ધ્યાને લેતા આ અદાલતને ''નટવર હરચંદજી ઠાકોર (સુપ્રા)'' વાળા જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોથી મળેલ વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી વધુ પડતા ટેકનીકલ નહિં થતા આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતુ હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનું હીત જળવાશે તેમ જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

:: આખરી હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૧ અન્વયે તહોમતનામામાં આક્ષેપાયેલ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાના ભંગ બદલ રૂા. ૫૦૦/–(અંકે રુપિયા પાંચસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામા આવે છે. આરોપીની ઉંમર, તેઓનો પ્રથમ ગુનો તેમજ તેમના ઉપરની તેમના પરીવારની જવાબદારી ધ્યાને રાખતા તેમજ સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો "State Of Gujarat Versus Natwar Harchandji Thakor - 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749" વાળો ચુકાદો લક્ષમા રાખતા આરોપીને ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામાં આવતી નથી. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદ્દામાલ કેફી પ્રવાહીનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વચગાળાના તબકકે મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં / સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– અમદાવાદ
તા.૨૬/૦૬/૨૦૨૨

(ડી.આર.જોષી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૨, અમદાવાદ.
કોડ નં. GJ00945